©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] THURSDAY, 12th FEBRUARY, 2026/MAGHA 23, 1947 [Issue No. 07

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	119-136	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	1275-1498
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
NOTIFICATION
MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

નં. મેજી/પોલ-૧/જાહેર સ્થળ/કચરા/પ્રતિબંધ/૧૨/૨૦૨૫.-સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ભુજના તા. ૨૯-૧૨-૨૦૨૫ વાળા પત્રની વિગતે કચ્છમાં ભૌગોલીક વૈવિધ્યનો ઉત્તમ ખજાનો જોવા મળે છે જેના લીધે આ જિલ્લો પ્રવાસની દ્રષ્ટીએ ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. રાજ્ય સરકારશ્રીના સહયોગથી ગુજરાત પ્રવાસન નિગમ લી. દ્વારા દર વર્ષે ધોરડો ખાતે રણ ઉત્સવનું આયોજન કરવામાં આવે છે જેનો લાભ લેવા માટે દેશ-વિદેશથી પ્રવાસીઓ આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ધોરડો ખાતે રણ ઉત્સવનું આયોજન કરવામાં આવેલ છે. ધોરડો ખાતે રણ ઉત્સવની મુલાકાત લેતા પ્રવાસીઓ ખડીર વિસ્તારમાં આવેલ સફેદ રણમાંથી પસાર થતો રસ્તો કે જે ''રોડ ટુ હેવન'' (NH-754k) ના નામે પણ ઓળખાય છે તેની પણ મુલાકાત લે છે, સફેદ રણ વિસ્તાર, રોડ ટુ હેવનનો વિસ્તાર તેમજ ધોરડો રણ ઉત્સવના વિસ્તાર પર્યાવરણીય દ્રષ્ટિએ સંવેદનશીલ છે. પ્રવાસીઓ દ્વારા પ્રવાસ દરમ્યાન પ્લાસ્ટીકની બોટલો, કોથળીઓ અને અન્ય પ્લાસ્ટીકની સિંગલ યુઝ ચીજવસ્તુઓ જેવો કચરો સફેદ રણ વિસ્તારમાં, રોડ ટુ હેવન વિસ્તારમાં અને તેને સંલગ્ન રણમાં ભરાયેલ પાણીમાં ફેંકવામાં ન આવે તે માટે પ્રતિબંધ મુકવો આ જાહેર સ્થળોના સૌદર્ય, સ્વચ્છતા અને પર્યાવરણીય પરિસ્થિતિ જાળવવા માટે તેને "Plastic Free Zone" કરવા દરખાસ્ત રજુ થયેલ છે જે ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું આનંદ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ અધિકારની રૂએ કચ્છ જિલ્લાની હદમાં આવેલ ધોરડો રણ ઉત્સવ વિસ્તારના સબરસ બસ સ્ટેન્ડથી વોચ ટાવર સુધીના રસ્તા અને તેની બંને તરફનો ૨(બે)-૨(બે) કિ.મી.નો વિસ્તાર, વોચ ટાવરની આસપાસનો સફેદ રણ વિસ્તાર અને ''રોડ ટુ હેવન'' (NH-754k નો કાઢવાંઢ તા. ભુજથી ઘોળાવીરા ગામ એન્ટ્રી પોઈન્ટ સુધીનો રસ્તો અને તેની બંને બાજુના રણ વિસ્તારમાં તથા તેને સંલગ્ન રણમાં ભરાયેલ પાણીમાં) વિસ્તારમાં પ્લાસ્ટીકની બોટલો, કોથળીઓ અને અન્ય પ્લાસ્ટીકની સિંગલ યુઝ ચીજવસ્તુઓ જાહેરમાં નાખવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવે છે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોઈ આથી એક તરફી હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા સબંધિત કચેરીઓએ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને પ્રસિદ્ધિ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશે. આ હુકમનો અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા માટે હેડ કોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું તા. ૦૧-૦૧-૨૦૨૬ થી તા. ૨૮-૦૨-૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા. ૩૧-૧૨-૨૦૨૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૩૧ માહે ડિસેમ્બર, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

નં. મેજી/પોલ-૧/રણોત્સવ/વાહન/પ્રતિબંધ/૧૨/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની કચેરીના તા. ૩૦-૧૨-૨૦૨૫ તથા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ભુજના તા. ૨૯-૧૨-૨૦૨૫ વાળા પત્રની વિગતે કચ્છમાં ભૌગોલીક વૈવિધ્યનો ઉત્તમ ખજાનો જોવા મળે છે જેના લીધે આ જિલ્લો પ્રવાસનની દ્રષ્ટીએ ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. રાજ્ય સરકારશ્રીના સહયોગથી ગુજરાત પ્રવાસન નિગમ લી. દ્વારા દર વર્ષે ધોરડો ખાતે રણ ઉત્સવનું આયોજન કરવામાં આવે છે જેનો લાભ લેવા માટે દેશ-વિદેશથી પ્રવાસીઓ આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ધોરડો ખાતે રણ ઉત્સવનું આયોજન કરવામાં આવેલ છે. રણ ઉત્સવ વિસ્તારમાં આવતા પ્રવાસીઓ જાણતા-અજાણતા રણ વિસ્તારની અંદર પોતાના વાહનો લઈ જતા હોય છે જેના કારણે ઘણીવાર વાહનો ફસાઈ જતા તેમને રેસ્કયુ કરવાની ફરજ પડે છે અને તેના લીધે સફેદ રણની સુંદરતા, સ્વચ્છતા, પર્યાવરણીય પરિસ્થિતિને નુકશાન થાય છે. સદરહુ પરિસ્થિતિના નિવારણ માટે અને સફેદ રણની સુંદરતા, સ્વચ્છતા, પર્યાવરણીય પરિસ્થિતિ જાળવી રાખવા માટે સફેદ રણ અને તેને સંલગ્ન વિસ્તાર ખાનગી વાહનો માટે "Restricted Zone" તરીકે જાહેર કરવા દરખાસ્ત રજુ થયેલ છે જે ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું, આનંદ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની હદમાં આવેલ ભુજ તાલુકાનાં ધોરડો રણ ઉત્સવ વિસ્તાર ખાતે સબરસ બસ સ્ટેશનથી વોચટાવર સુધીના વિસ્તારમાં તથા વોચ ટાવરની આસપાસના સફેદ રણ વિસ્તારમાં ખાનગી વાહનોના પ્રવેશ ઉપર સંપુર્ણ પ્રતિબંધ મુકવામાં આવે છે.

- **ઉપરોકત હુકમ/જાહેરનામામાંથી નીચે જણાવેલ વાહનોને મુકિત આપવામાં આવશે.**

૧. સરકારી ફરજ પરના વાહનો.

૨. ફાયર ફાઈટર/ઈમરજન્સી મેડીકલ સર્વિસીસ સંલગ્ન વાહનો

૩. પરવાનગી આપવામાં આવેલ હોય તેવી બસો.

૪. પોલિસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ, ભુજ/સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ભુજ અધિકૃત કરે તવા વાહનો.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોઈ આથી એક તરફી હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિધ્ધિ કરાવવી તથા સબંધિત

કચેરીઓએ સહેલાથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશે. આ હુકમનો અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા માટે હેડ કોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું તા. ૦૧-૦૧-૨૦૨૬ થી તા. ૨૮-૦૨-૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા. ૩૧-૧૨-૨૦૨૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૩૧ માહે ડિસેમ્બર, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું

નં.મેજી/પોલ-૧/રણોત્સવ/ઘોડેસવારી/ઉંટસવારી/નિયમન/૧૨૦/૨૦૨૫.-સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ભુજના તા. ૨૯-૧૨-૨૦૨૫ વાળા પત્રની વિગતે કચ્છમાં ભૌગોલીક વૈવિધ્યનો ઉત્તમ ખજાનો જોવા મળે છે જેના લીધે આ જિલ્લો પ્રવાસની દ્રષ્ટીએ ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. રાજ્ય સરકારશ્રીના સહયોગથી ગુજરાત પ્રવાસન નિગમ લી. દ્વારા દર વર્ષે ધોરડો ખાતે રણ ઉત્સવનું આયોજન કરવામાં આવે છે જેનો લાભ લેવા માટે દેશ-વિદેશથી પ્રવાસીઓ આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ધોરડો ખાતે રણ ઉત્સવનું આયોજન કરવામાં આવેલ છે. રણ ઉત્સવ દેશ-વિદેશથી આવતા સહેલાણીઓને કચ્છની ભાતીગળ સંસ્કૃતિનો, હેન્ડક્રાફટ્સનો, સફેદ રણના સૌંદર્યનો અવિસ્મરણીય અનુભવ આપે છે. રણ ઉત્સવમાં આવતા પ્રવાસીઓ રણ વિસ્તારમાં ચાલતી ઘોડેસવારી/ઊંટ સવારીનો પણ આનંદ માણતા હોય છે. સ્થાનિક ઘોડે સવારી/ઊંટ સવારી માલિકો/ચાલકો દ્વારા પ્રવસીઓને ફેરી સર્વિસ પૂરી પાડવામાં આવે છે જેને ધ્યાને લેતા રણ ઉત્સવમાં સહેલાણીઓના અનુભવને વધુ સુખદ બનાવવા, સલામત પ્રવાસસને વેગ આપવા તથા ઘોડે સવારી/ઊંટ સવારી ફેરી સર્વિસની અમલવારી સારી રીતે થઈ શેક તે માટે ઘોડે સવારી/ઊંટ સવારીનું રજીસ્ટ્રેશન કરાવી તેનું નિયમન કરવું જરૂરી જણાતું હોઈ, ઘોડે સવારી/ઊંટ સવારી નિયમન કરવા જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે જે ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું આનંદ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ અધિકારની રૂએ કચ્છ જિલ્લાની હદમાં આવેલ ભુજ તાલુકાનાં ધોરડો રણ ઉત્સવ વિસ્તાર ખાતે નિયત સમિતિ પાસે રજીસ્ટ્રેશન કરાવ્યા સિવાય અનઅધિકૃત રીતે ચાલતી ઘોડે સવારી/ઊંટ સવારી પર પ્રતિબંધ ફરમાવું છું.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોઈ આથી એક તરફી હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા સબંધિત કચેરીઓએ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને પ્રસિદ્ધિ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશે. આ હુકમનો અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા માટે હેડ કોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું તા. ૦૧-૦૧-૨૦૨૬ થી તા. ૨૮-૦૨-૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા. ૩૧-૧૨-૨૦૨૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૩૧ માહે ડિસેમ્બર, સને ૨૦૨૫.

આનંદ પટેલ
જિલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ ભુજ.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) હેઠળ વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. ૫૬/સીબી-૫/ફાયરીંગ/બટ/૫૮/૨૦૨૫, તા. ૨૩-૦૯-૨૦૨૫.

જાહેરનામું

નં. નાચી/પલસ/વશી/૧૨૧ થી ૧૩૦/૨૦૨૬.-વંચાણે લીધા ક્રમાંક-૧ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્રથી અમરેલી જિલ્લા ખાતે સને-૨૦૨૫ વર્ષનું જિલ્લાના તમામ પોલીસ અધિકારીઓ/પોલીસ કર્મચારીઓને અત્રેના જિલ્લામાં આવેલ વાંકીયા ફાયરીંગ બટ, તા. બાબરા ખાતે તા. ૨૭-૦૧-૨૦૨૬ થી તા. ૧૫-૦૨-૨૦૨૬ સુધી દિન-૨૦ માટે વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ થનાર હોય સદરહું ફાયરીંગ બટ તથા આજુ બાજુનાં ૧૦૦ મીટર વિસ્તારમાં ફાયરીંગ પ્રેકટીસના સમયગાળા દરમ્યાન તકેદારીના ભાગરૂપે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ, ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત ધ્યાને લઈ સવાલવાળા સ્થળની આજુ બાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકસાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવું જરૂરી હોવાની મને ખાત્રી થયેલ છે, જેથી હું દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો-અમરેલી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, તા. ૨૮-૦૧-૨૦૨૬ થી તા. ૧૫-૦૨-૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધીના સમયગાળા દરમિયાન મોજે બાબરા તાલુકાનાં વાંકીયા ગામના સરકારી પડતર રે.સ.નં. ૬૦૧, હે.૩-૮૮-૬૩ ચો.મી.વાળી જમીન કે જે અત્રેની કચેરીના હુકમ નં. ચિ/જમન/૧/વશી/૯૭૪૪/૨૦૨૧, તા. ૦૬-૧૨-૨૦૨૧થી ફાયરીંગ બટ માટે મુકરર થયેલ છે તેને તાર ફેન્સીંગ કરી તેની બાહ્ય સીમા નકકી કરાયેલ છે તેની ચારે તરફની બાહ્ય સીમાથી ૧૦૦ મીટરના અંતર સુધી તમામ રાહદારીઓને અવર જવર કરવા પ્રવેશબંધી ફરમાવું છું.

આ હુકમ ફરજ પરનાં સરકારી કર્મચારીઓ/અધિકારીઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામું તા. ૨૮-૦૧-૨૦૨૬ થી તા. ૧૫-૦૨-૨૦૨૬ (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

તમામ નાગરીકોને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ આથી એક તરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી, નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી પ્રસિધ્ધ કરાવવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરાવવાની રહેશે.

આજ તા. ૨૭ જાન્યુઆરી સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૨૭ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

દિલિપસિંહ ગોહિલ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
અમરેલી.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનો

હુકમ

નં. ડીએમ/ડીસીએચ/પરીક્ષા-૦૧/૨૦૨૬.-નેશનલ ટેસ્ટીંગ એજન્સી, નવી દિલ્હી દ્વારા આયોજિત જોઈન્ટ એન્ટરન્સ એકઝામીનેશન (JEE Main-2026) ની પરીક્ષા તા. ૨૧-૦૧-૨૦૨૬ થી તા. ૨૪-૦૧-૨૦૨૬ તથા તા. ૨૮-૦૧-૨૦૨૬ થી તા.૨૯-૦૧-૨૦૨૬ દરમ્યાન જામનગર જિલ્લામાં અમાત્યા ગ્લોબલ આઈ.ટી. સોલ્યુશન, ઠે. મહાકાલ ચોક, મહાપ્રભુજીની બેઠક, પોલીસ સ્ટેશન સામે, કાલાવડ રોડ, જામનગર ખાતે (એક કેન્દ્ર પર) યોજાનાર છે. આ પરીક્ષા દરમ્યાન ચોરીના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉતરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેમજ મોબાઈલ ફોનથી પરીક્ષાર્થીને મદદ કરવાના બનાવોના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે, આથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ પગલા લેવા પ્રતિબંધિત હુકમો કરવા માટે પુરતુ કારણ હોવાનું જણાતા તેમ કરવું ઈચ્છનિય છે, એવો મારો અભિપ્રાય છે.

તેથી હું, એસ. એમ. કાથડ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર, જિલ્લો : જામનગર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલી સત્તાની રૂએ ફરમાવું છું કે, સદરહું પરીક્ષા માટે જામનગર જિલ્લામાં લેવાનાર પરીક્ષા માટે નિયત પરીક્ષા કેન્દ્ર 'અમાત્યા ગ્લોબલ આઈ.ટી. સોલ્યુશન, ઠે. મહાકાલ ચોક, મહાપ્રભુજીની બેઠક, પોલીસ સ્ટેશન સામે, કાલાવડ રોડ, જામનગરની આજુબાજુના ૩૦૦ મીટરના વિસ્તારની હદમાં આવતા સાયબર કાફે બંધ રાખવા તેમજ કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોએ પરીક્ષા કેન્દ્રોની આસપાસ તા. ૨૧-૦૧-૨૦૨૬ થી તા. ૨૪-૦૧-૨૦૨૬ તથા તા. ૨૮-૦૧-૨૦૨૬ તથા તા. ૨૯-૦૧-૨૦૨૬ ના રોજ સવારના ૦૮-૦૦ કલાકથી ના ૧૮-૩૦ કલાક સુધી તેઓના કોપીયર મશીનો દ્વારા પરીક્ષા વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામાંની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે પોલીસ અધિક્ષકશ્રી, જામનગરએ બહોળી પ્રસિધ્ધિ કરવી. આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા (૪૫ મો અધિનિયમ) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તળે શિક્ષાપાત્ર થશે.

આ જાહેરનામાંના ભંગ કરનાર ઈમસો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતીય ન્યાય સંહિતા (૪૫ મો અધિનિયમ) ૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૭ માહે જાન્યુઆરી-૨૦૨૬ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યું..

જામનગર, ૧૭ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

એસ. એમ. કાથડ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જામનગર.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ના કાયદાની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

Letter No. : DBD/0075/01/2026-આગામી તા. ૧૪-૦૧-૨૦૨૬ ના રોજ મકરસંક્રાતિનો તહેવાર ઉજવવામાં આવનાર છે. આ તહેવાર દરમ્યાન જિલ્લામાં લોકો દ્વારા બહોળા પ્રમાણમાં પતંગો ઉડાવવામાં આવતા હોય છે. આવા પતંગો ઉડાવવા માટે પ્લાસ્ટિક, સિંથેટીક મટીરીયલ, ટોક્ષીક મટીરીયલ, લોખંડ પાવડર, કાચ વિગેરેથી તૈયાર કરેલા પાકા દોરા જેમા ખાસ કરીને ચાઈનીઝ બનાવટના દોરાનો ઉપયોગ થાય છે, આવા દોરાના કારણે માણસો, પક્ષીઓ, પશુઓ ગંભીર રીતે ઘાયલ થતાં હોવાના અને મૃત્યુ પણ થતું હોવાના બનાવો બનવા પામતા હોય છે. આથી આવા દોરાઓથી માણસો અને પશુ-પક્ષીઓને થતી વિપરીત અસર નિવારી શકાય તે માટે યોગ્ય નિયંત્રણ મુકવુ જરૂરી જણાય છે.

આ સમય દરમ્યાન ચાઈનીઝ તુક્કલ, સ્કાય લેન્ટર્ન ખુબ જ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે. તુક્કલમાં હલ્કી કવોલીટીના સળગી જાય તેવા વેકસ પદાર્થોને કારણે પર્યાવરણને પણ નુકશાન પણ થાય છે. તેમજ સળગતી તુક્કલ ગમે ત્યાં પડવાના કારણે જાનમાલ અને સંપત્તિને ઘણું જ નુકશાન થાય છે. આથી આવી બાબત નિવારવા તેમજ નામદાર હાઈકોર્ટના સિવીલ એપ્લીકેશન (ફોર ઈન્ટ્રીમ રીલીફ) નં. ૧૩૩૫૮/૨૦૧૫ના તા. ૨૨-૧૨-૨૦૧૫ ના હુકમ તથા નામ.હાઈકોર્ટ સમક્ષની અન્ય રીટ પીટીશન (પી.આઈ.એલ.) નં. ૨૫૩/૨૦૧૬માં નામ. હાઈકોર્ટના તા. ૧૩-૦૧-૨૦૧૭ ના હુકમથી ચાઈનીઝ માંઝા/નાયલોન/પ્લાસ્ટીક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. વધુમાં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, નવી દિલ્હીના તા. ૧૧-૦૭-૨૦૧૭ ના હુકમનું પાલન કરવાનું રહે છે.

આવા દોરા ''નોન બાયોડીગ્રેબલ'' હોય છે. તુટેલા અને વણવપરાયેલા દોરાઓ જમીન ઉપર પડી રહેતા હોય છે જેના કારણે પાણીના નિકાલની ગટર પાઈપલાઈનો અને કુદરતી પાણીના વહેણ અવરોધાય છે. તેમજ પ્રાણીઓના ચારામાં આવા પ્લાસ્ટિક દોરાઓ ભળી જતા હોય પશુ મૃત્યુના બનાવો બનતા હોય છે. ચીફ એન્જીનીયરશ્રી, ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લી., વડોદરાએ તેમના તા. ૧૭-૧૨-૨૦૧૮ના પત્ર થી પતંગ ઉડાવવા માટે વપરાતી મેટાલીક બેઝડ થ્રેડસ અને ઓડીયો મેગ્નેટીક ટેપના ઉપયોગથી વિજ અકસ્માતોનો ખતરો રહેતો હોવાનું જણાવેલ છે તેમજ પતંગના આવા દોરાના કારણે વીજ લાઈનમાં વિક્ષેપ ઉભા થાય છે. જેના કારણે શોટ સર્કિટ થતાં ગંભીર ઈજાઓ અને માનવ મૃત્યુના બનાવો બનવા પામે છે. આ બાબતે સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના તા. ૦૨-૦૭-૨૦૧૫ના પત્રથી પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ-૧૯૮૬ ની કલમ-૫ હેઠળ અત્રેને યોગ્ય પગલા લેવા સુચના મળેલ છે.

સબબ હું, ભૂપેશ જોટાણીયા(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ના કાયદાની કલમ-

૧૬૩ હેઠળ મને મળેલ અધિકારની રૂએ આથી ફરમાવું છું કે, સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોઈએ તા. ૦૩-૦૧-૨૦૨૬ થી તા. ૩૧-૦૧-૨૦૨૬ સુધી પતંગો ઉડાવવા માટે ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટિક દોરી, નાયલોન/સિંથેટીક મટીરીયલ, ટોક્ષીક મટીરીયલ, લોખંડ પાવડર, કા, મેટાલીક બેઝડ ગ્રેડસ અને ઓડીયો મેગ્નેટીક ટેપ વિગેરેથી તૈયાર કરેલા પાકા દોરા જેમાં ખાસ કરીને ચાઈનીઝ બનાવટના ચાઈનીઝ ગુબ્બારા/તુક્કલ, સ્કાય લેન્ટર્ન અને ચાઈનીઝ દોરાના વેચાણ તથા ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૦૯-૦૧-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયુ.

દેવભૂમિ દ્વારકા, ૦૯ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

ભૂપેશ જોટાણીયા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
દેવભૂમિ દ્વારકા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની (આંક-૨૨) ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામુ

નં.ડીએમ/વશી/૧૨૫/૨૦૨૬.-બોટાદ જિલ્લામાં જુદી-જુદી સંસ્થાઓ/રાજકીય પાર્ટીઓ/અરજદારશ્રીઓ દ્વારા વિવિધ માંગણીઓ તથા રજુઆતો કરવા સભા/સરઘસ/રેલી/ઉપવાસ જેવા કાર્યક્રમ કરતા હોય છે. જેના કારણે તંગદીલી જેવુ વાતાવરણ સર્જાય અને આવા કિસ્સામાં મોટી સંખ્યામાં લોક દ્વારા તેમની રજુઆત કરતા વર્ગવિગ્રહ જેવા બનાવો પણ જિલ્લામાં બનવાની શકયતા હોય છે. તેમજ ભુતકાળના બનાવો ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે અને માલ મિલ્કતને નુકશાન થાય છે, તેવી માહિતી રજુ કરી પોલીસ અધિક્ષકશ્રી બોટાદ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. જેથી બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ-રેલી-ઉપવાસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં સમગ્ર બોટાદ જિલ્લાના વિસ્તારમાં તા. ૨૮-૦૧-૨૦૨૬ ના રોજથી તા. ૧૧-૦૨-૨૦૨૬ (બન્ને દિવસ સહિત) સુધીની મુદત માટે કોઈ પણ સભા/સરઘસ/રેલી/ઉપવાસ માટે મનાઈ હુકમ ફરમાવુ છુ. આદેશ કરૂ છું કે આ હુકમ નીચનાઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સબંધિત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી/સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

અનુસુચિ :

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૨૦-૦૧-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૨૦ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

પી. એલ. ઝણકાત
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
બોટાદ

સુપ્રિન્ટેન્ડન્ટ લેન્ડ રેકર્ડ અધિકારી દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ, તા. ૦૮-૦૯-૨૦૧૫.

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૩૨૦૨૧/૧૬૦૫/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨ તથા તા. ૧૦-૦૮-૨૦૨૨

(૩) ડી.ઈ.લે.રે.શ્રી, મોરબીના પત્ર નં. સ્વામિત્વ મોજણી/એલ.આર.સી.-૧૨૬/અરણીટીંબા/૨૦૨૫, તા. ૧૦-૧૨-૨૦૨૫.

જાહેરનામુ

નં. વહટ-૫૦/સ્વામિત્વ/LRC ૧૨૬ જાહેરનામું/અરણીટીંબા/૨૦૨૫.- ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ SVAMITVA (survey of villages and mapping with improvised technology in village areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૨ ના તા. ૨૪-૦૧-૨૦૨૨ વાળા ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકાના અને તા. ૧૦-૦૮-૨૦૨૨ વાળા ઠરાવથી સ્વામિત્વ યોજનાના અમલીકરણના ભાગરૂપે રાજ્યના દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકા સિવાયના બાકી હેલ સ્વામિત્વ યોજનામાં સમાવવા પાત્ર રાજ્યના તમામ ગામોમાં મહેસુલી સરવે દાખલ કરવાના હેતુથી જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૯૫ અને ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલ સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે મોજે-

અરણીટીંબા, તાલુકો વાંકાનેર, જિલ્લો મોરબીમાં ડી.ઈ.લે.રેશ્રી, મોરબી દ્વારા તૈયાર કરેલ વંચાણ-૩ ની દરખાસ્ત અનુસંધાને આ સાથેના પરિશિષ્ટ-અ (ખેતી)માં (હે. ૦૦ આરે. ૦૦ ચો. ૦૦), પરિશિષ્ટ-બ (બિનખેતી)માં (હે. ૦૦ આરે. ૦૦ ચોમી. ૦૦), પરિશિષ્ટ-ક (સરકારી સર્વે નં.)માં (હે.૦૦ આરે.૦૦ ચોમી.૦૦), પરિશિષ્ટ-ડ (ગામતળ, સરકારી તથા રસ્તા પૈકી)માં (હે. ૦૪ આરે. ૫૭ ચોમી. ૩૦) મળી કુલ ક્ષેત્રફળ હે. ૦૪ આરે. ૫૭ ચો.મી. ૩૦ વિસ્તારની જમીનો તેમાં સમાવિષ્ટ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

પત્રક-અ

મોજે અરણીટીંબા, તા. વાંકાનેર, જિ. મોરબીના સ્વામીત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા ખેતીના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક

ક્રમ નં.	સર્વે નંબર	ક્ષેત્રફળ હે.આરે.ચોમી.
૧	નીલ	
કુલ		૦-૦૦-૦૦

પત્રક-બ

મોજે અરણીટીંબા, તા. વાંકાનેર, જિ. મોરબીના સ્વામીત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા બીનખેતીના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક

ક્રમ નં.	સર્વે નંબર	ક્ષેત્રફળ હે.આરે.ચોમી.
૧	નીલ	
કુલ		૦-૦૦-૦૦

પત્રક-ક

મોજે અરણીટીંબા, તા. વાંકાનેર, જિ. મોરબીના સ્વામીત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા સરકારી સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક

ક્રમ નં.	સર્વે નંબર	ક્ષેત્રફળ હે.આરે.ચોમી.
૧	નીલ	
કુલ		૦-૦૦-૦૦

પત્રક-ડ

મોજે અરણીટીંબા, તા. વાંકાનેર, જિ. મોરબીના સ્વામીત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા ગામતળના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક

ક્રમ નં.	સર્વે નંબર	ક્ષેત્રફળ હે.આરે.ચોમી.
૧	ગામતળ	૪-૫૭-૩૦
કુલ		૪-૫૭-૩૦

તારીજ

મોજે અરણીટીંબા, તા. વાંકાનેર, જિ. મોરબીના સ્વામીત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા ખેતી, બીનખેતી, સરકારી તથા ગામતળના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક

ક્રમ નં.	સર્વે નંબર	ક્ષેત્રફળ હે.આરે.ચોમી.
૧	પત્રક-અ	૦-૦૦-૦૦
૨	પત્રક-બ	૦-૦૦-૦૦
૩	પત્રક-ક	૦-૦૦-૦૦
૪	પત્રક-ડ	૪-૫૭-૩૦
કુલ		૪-૫૭-૩૦

મોરબી, ૧૧ માહે ડિસેમ્બર, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ, તા. ૦૮-૦૯-૨૦૧૫.

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૩૨૦૨૧/૧૬૦૫/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨ તથા તા. ૧૦-૦૮-૨૦૨૨

(૩) ડી.ઈ.લે.રે.શ્રી, મોરબીના પત્ર નં. સ્વામિત્વ મોજણી/એલ.આર.સી.-૧૨૬/વઘાસીયા/૨૦૨૫, તા. ૧૦-૧૨-૨૦૨૫.

જાહેરનામુ

નં. વહટ-૫૦/સ્વામિત્વ/LRC ૧૨૬ જાહેરનામું/વઘાસીયા/૨૦૨૫.- ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ SVAMITVA (survey of villages and mapping with improvised technology in village areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૨ ના તા. ૨૪-૦૧-૨૦૨૨ વાળા ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકાના અને તા. ૧૦-૦૮-૨૦૨૨ વાળા ઠરાવથી સ્વામિત્વ યોજનાના અમલીકરણના ભાગરૂપે રાજ્યના દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકા સિવાયના બાકી હેલ સ્વામિત્વ યોજનામાં સમાવવા પાત્ર રાજ્યના તમામ ગામોમાં મહેસુલી સરવે દાખલ કરવાના હેતુથી જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૯૫ અને ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલ સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે મોજે-વઘાસીયા, તાલુકો વાંકાનેર, જિલ્લો મોરબીમાં ડી.ઈ.લે.રેશ્રી, મોરબી દ્વારા તૈયાર કરેલ વંચાણ-૩ ની દરખાસ્ત અનુસંધાને આ સાથેના પરિશિષ્ટ-અ (ખેતી)માં (હે. ૦૦ આરે. ૦૦ ચો. ૦૦), પરિશિષ્ટ-બ (બિનખેતી)માં (હે. ૦૦ આરે. ૦૦ ચોમી. ૦૦), પરિશિષ્ટ-ક (સરકારી સર્વે નં.) માં (હે.૦૦ આરે.૦૦ ચોમી.૦૦), પરિશિષ્ટ-ડ (ગામતળ, સરકારી તથા રસ્તા પૈકી)માં (હે. ૦૪ આરે. ૦૪ ચોમી. ૬૯) મળી કુલ ક્ષેત્રફળ હે. ૦૪ આરે. ૦૪ ચો.મી. ૬૯ વિસ્તારની જમીનો તેમાં સમાવિષ્ટ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

પત્રક-અ		
મોજે વઘાસીયા, તા. વાંકાનેર, જિ. મોરબીના સ્વામીત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા ખેતીના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક		
ક્રમ નં.	**સર્વે નંબર**	**ક્ષેત્રફળ**
		હે.આરે.ચોમી.
૧	નીલ	
કુલ		**૦-૦૦-૦૦**

પત્રક-બ		
મોજે વઘાસીયા, તા. વાંકાનેર, જિ. મોરબીના સ્વામીત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા બીનખેતીના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક		
ક્રમ નં.	**સર્વે નંબર**	**ક્ષેત્રફળ**
		હે.આરે.ચોમી.
૧	નીલ	
કુલ		**૦-૦૦-૦૦**

પત્રક-ક		
મોજે વઘાસીયા, તા. વાંકાનેર, જિ. મોરબીના સ્વામીત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા સરકારી સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક		
ક્રમ નં.	**સર્વે નંબર**	**ક્ષેત્રફળ**
		હે.આરે.ચોમી.
૧	નીલ	
કુલ		**૦-૦૦-૦૦**

પત્રક-ડ		
મોજે વઘાસીયા, તા. વાંકાનેર, જિ. મોરબીના સ્વામીત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા ગામતળના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક		
ક્રમ નં.	**સર્વે નંબર**	**ક્ષેત્રફળ**
		હે.આરે.ચોમી.
૧	ગામતળ	૪-૦૪-૬૯
કુલ		**૪-૦૪-૬૯**

તારીજ		
મોજે વઘાસીયા, તા. વાંકાનેર, જિ. મોરબીના સ્વામીત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા ખેતી, બીનખેતી, સરકારી તથા ગામતળના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક		
ક્રમ નં.	**સર્વે નંબર**	**ક્ષેત્રફળ**
		હે.આરે.ચોમી.
૧	પત્રક-અ	૦-૦૦-૦૦
૨	પત્રક-બ	૦-૦૦-૦૦
૩	પત્રક-ક	૦-૦૦-૦૦
૪	પત્રક-ડ	૪-૦૪-૬૯
કુલ		**૪-૦૪-૬૯**

મોરબી, ૧૧ માહે ડિસેમ્બર, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ, તા. ૦૮-૦૯-૨૦૧૫.

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૩૨૦૨૧/૧૬૦૫/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨ તથા તા. ૧૦-૦૮-૨૦૨૨

(૩) ડી.ઈ.લે.રે.શ્રી, મોરબીના પત્ર નં. સ્વામિત્વ મોજણી/એલ.આર.સી.-૧૨૬/રસીકગઢ/૨૦૨૫, તા. ૧૦-૧૨-૨૦૨૫.

જાહેરનામુ

નં. વહટ-૫૦/સ્વામિત્વ/LRC ૧૨૬ જાહેરનામું/રસીકગઢ/૨૦૨૫.- ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ SVAMITVA (survey of villages and mapping with improvised technology in village areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૨ ના તા. ૨૪-૦૧-૨૦૨૨ વાળા ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકાના અને તા. ૧૦-૦૮-૨૦૨૨ વાળા ઠરાવથી સ્વામિત્વ યોજનાના અમલીકરણના ભાગરૂપે રાજ્યના દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકા સિવાયના બાકી હેલ સ્વામિત્વ યોજનામાં સમાવવા પાત્ર રાજ્યના તમામ ગામોમાં મહેસુલી સરવે દાખલ કરવાના હેતુથી જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૯૫ અને ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલ સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે મોજે-રસીકગઢ, તાલુકો વાંકાનેર, જિલ્લો મોરબીમાં ડી.ઈ.લે.રેશ્રી, મોરબી દ્વારા તૈયાર કરેલ વંચાણ-૩ ની દરખાસ્ત અનુસંધાને આ સાથેના પરિશિષ્ટ-અ (ખેતી)માં (હે. ૦૦ આરે. ૦૦ ચો. ૦૦), પરિશિષ્ટ-બ (બિનખેતી)માં (હે. ૦૦ આરે. ૦૦ ચોમી. ૦૦), પરિશિષ્ટ-ક (સરકારી સર્વે નં.) માં (હે.૦૦ આરે.૦૦ ચોમી.૦૦), પરિશિષ્ટ-ડ (ગામતળ, સરકારી તથા રસ્તા પૈકી)માં (હે. ૦૧ આરે. ૭૫ ચોમી. ૦૩) મળી કુલ ક્ષેત્રફળ હે. ૦૧ આરે. ૭૫ ચો.મી. ૦૩ વિસ્તારની જમીનો તેમાં સમાવિષ્ટ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

પત્રક-અ		
મોજે રસીકગઢ, તા. વાંકાનેર, જિ. મોરબીના સ્વામીત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા ખેતીના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક		
ક્રમ નં.	**સર્વે નંબર**	**ક્ષેત્રફળ**
		હે.આરે.ચોમી.
૧	નીલ	
કુલ		**૦-૦૦-૦૦**

પત્રક-બ		
મોજે રસીકગઢ, તા. વાંકાનેર, જિ. મોરબીના સ્વામીત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા બીનખેતીના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક		
ક્રમ નં.	**સર્વે નંબર**	**ક્ષેત્રફળ**
		હે.આરે.ચોમી.
૧	નીલ	
કુલ		**૦-૦૦-૦૦**

પત્રક-ક		
મોજે રસીકગઢ, તા. વાંકાનેર, જિ. મોરબીના સ્વામિત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા સરકારી સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક		
ક્રમ નં.	**સર્વે નંબર**	**ક્ષેત્રફળ**
		હે.આરે.ચોમી.
૧	નીલ	
કુલ		**૦-૦૦-૦૦**

પત્રક-ડ		
મોજે રસીકગઢ, તા. વાંકાનેર, જિ. મોરબીના સ્વામિત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા ગામતળના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક		
ક્રમ નં.	**સર્વે નંબર**	**ક્ષેત્રફળ**
		હે.આરે.ચોમી.
૧	ગામતળ	૧-૭૫-૦૩
કુલ		**૧-૭૫-૦૩**

તારીજ		
મોજે રસીકગઢ, તા. વાંકાનેર, જિ. મોરબીના સ્વામિત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા ખેતી, બીનખેતી, સરકારી તથા ગામતળના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક		
ક્રમ નં.	**સર્વે નંબર**	**ક્ષેત્રફળ**
		હે.આરે.ચોમી.
૧	પત્રક-અ	૦-૦૦-૦૦
૨	પત્રક-બ	૦-૦૦-૦૦
૩	પત્રક-ક	૦-૦૦-૦૦
૪	પત્રક-ડ	૧-૭૫-૦૩
કુલ		**૧-૭૫-૦૩**

મોરબી, ૧૭ માહે ડિસેમ્બર, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ, તા. ૦૮-૦૯-૨૦૧૫.

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૩૨૦૨૧/૧૬૦૫/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨ તથા તા. ૧૦-૦૮-૨૦૨૨

(૩) ડી.ઈ.લે.રે.શ્રી, મોરબીના પત્ર નં. સ્વામિત્વ મોજણી/એલ.આર.સી.-૧૨૬/નવી કલાવડી/૨૦૨૫, તા. ૧૦-૧૨-૨૦૨૫.

જાહેરનામુ

નં. વહટ-૫૦/સ્વામિત્વ/LRC૧૨૬જાહેરનામું/નવીકલાવડી/૨૦૨૫.- ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ SVAMITVA (survey of villages and mapping with improvised technology in village areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૨ ના તા. ૨૪-૦૧-૨૦૨૨ વાળા ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકાના અને તા. ૧૦-૦૮-૨૦૨૨ વાળા ઠરાવથી સ્વામિત્વ યોજનાના અમલીકરણના ભાગરૂપે રાજ્યના દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકા સિવાયના બાકી હેલ સ્વામિત્વ યોજનામાં સમાવવા પાત્ર રાજ્યના તમામ ગામોમાં મહેસુલી સરવે દાખલ કરવાના હેતુથી જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૯૫ અને ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલ સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે મોજે-નવી કલાવડી, તાલુકો વાંકાનેર, જિલ્લો મોરબીમાં ડી.ઈ.લે.રેશ્રી, મોરબી દ્વારા તૈયાર કરેલ વંચાણ-૩ ની દરખાસ્ત અનુસંધાને આ સાથેના પરિશિષ્ટ-અ (ખેતી)માં (હે. ૦૦ આરે. ૦૦ ચો. ૦૦), પરિશિષ્ટ-બ (બિનખેતી)માં (હે. ૦૦ આરે. ૦૦ ચોમી. ૦૦), પરિશિષ્ટ-ક (સરકારી સર્વે નં.) માં (હે.૦૦ આરે.૦૦ ચોમી.૦૦), પરિશિષ્ટ-ડ (ગામતળ, સરકારી તથા રસ્તા પૈકી)માં (હે. ૧ આરે. ૪૭ ચોમી. ૭૧) મળી કુલ ક્ષેત્રફળ હે. ૦૧ આરે. ૭૫ ચો.મી. ૦૩ વિસ્તારની જમીનો તેમાં સમાવિષ્ટ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

પત્રક-અ		
મોજે નવી કલાવડી, તા. વાંકાનેર, જિ. મોરબીના સ્વામીત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા ખેતીના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક		
ક્રમ નં.	**સર્વે નંબર**	**ક્ષેત્રફળ**
		હે.આરે.ચોમી.
૧	નીલ	
કુલ		**૦-૦૦-૦૦**

પત્રક-બ		
મોજે નવી કલાવડી, તા. વાંકાનેર, જિ. મોરબીના સ્વામિત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા બીનખેતીના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક		
ક્રમ નં.	**સર્વે નંબર**	**ક્ષેત્રફળ**
		હે.આરે.ચોમી.
૧	નીલ	
કુલ		**૦-૦૦-૦૦**

પત્રક-ક		
મોજે નવી કલાવડી, તા. વાંકાનેર, જિ. મોરબીના સ્વામિત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા સરકારી સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક		
ક્રમ નં.	**સર્વે નંબર**	**ક્ષેત્રફળ**
		હે.આરે.ચોમી.
૧	નીલ	
કુલ		**૦-૦૦-૦૦**

પત્રક-ડ		
મોજે નવી કલાવડી, તા. વાંકાનેર, જિ. મોરબીના સ્વામિત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા ગામતળના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક		
ક્રમ નં.	**સર્વે નંબર**	**ક્ષેત્રફળ હે.આરે.ચોમી.**
૧	ગામતળ	૧-૪૭-૭૧
કુલ		**૧-૪૭-૭૧**

તારીજ		
મોજે નવી કલાવડી, તા. વાંકાનેર, જિ. મોરબીના સ્વામિત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા ખેતી, બીનખેતી, સરકારી તથા ગામતળના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક		
ક્રમ નં.	**સર્વે નંબર**	**ક્ષેત્રફળ હે.આરે.ચોમી.**
૧	પત્રક-અ	૦-૦૦-૦૦
૨	પત્રક-બ	૦-૦૦-૦૦
૩	પત્રક-ક	૦-૦૦-૦૦
૪	પત્રક-ડ	૧-૪૭-૭૧
કુલ		**૧-૪૭-૭૧**

મોરબી, ૧૧ માહે ડિસેમ્બર, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ, તા. ૦૮-૦૯-૨૦૧૫.

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૩૨૦૨૧/૧૬૦૫/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨ તથા તા. ૧૦-૦૮-૨૦૨૨

(૩) ડી.ઈ.લે.રે.શ્રી, મોરબીના પત્ર નં. સ્વામિત્વ મોજણી/એલ.આર.સી.-૧૨૬/અમરસર/૨૦૨૫, તા. ૧૫-૧૨-૨૦૨૫.

જાહેરનામુ

નં. વહટ-૫૦/સ્વામિત્વ/LRC ૧૨૬ જાહેરનામું/અમરસર/૨૦૨૫.- ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ SVAMITVA (survey of villages and mapping with improvised technology in village areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૨ ના તા. ૨૪-૦૧-૨૦૨૨ વાળા ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકાના અને તા. ૧૦-૦૮-૨૦૨૨ વાળા ઠરાવથી સ્વામિત્વ યોજનાના અમલીકરણના ભાગરૂપે રાજ્યના દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકા સિવાયના બાકી હેલ સ્વામિત્વ યોજનામાં સમાવવા પાત્ર રાજ્યના તમામ ગામોમાં મહેસુલી સરવે દાખલ કરવાના હેતુથી જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૯૫ અને ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલ સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે મોજે-અમરસર, તાલુકો વાંકાનેર, જિલ્લો મોરબીમાં ડી.ઈ.લે.રેશ્રી, મોરબી દ્વારા તૈયાર કરેલ વંચાણ-૩ ની દરખાસ્ત અનુસંધાને આ સાથેના પરિશિષ્ટ-અ (ખેતી)માં (હે. ૦૦ આરે. ૦૦ ચો. ૦૦), પરિશિષ્ટ-બ (બિનખેતી)માં (હે. ૦૦ આરે. ૦૦ ચોમી. ૦૦), પરિશિષ્ટ-ક (સરકારી સર્વે નં.)માં (હે.૦૦ આરે.૦૦ ચોમી.૦૦), પરિશિષ્ટ-ડ (ગામતળ, સરકારી તથા રસ્તા પૈકી)માં (હે. ૦૨ આરે. ૬૨ ચોમી. ૦૪) મળી કુલ ક્ષેત્રફળ હે. ૦૨ આરે. ૬૨ ચો.મી. ૦૪ વિસ્તારની જમીનો તેમાં સમાવિષ્ટ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

પત્રક-અ		
મોજે અમરસર, તા. વાંકાનેર, જિ. મોરબીના સ્વામીત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા ખેતીના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક		
ક્રમ નં.	**સર્વે નંબર**	**ક્ષેત્રફળ હે.આરે.ચોમી.**
૧	નીલ	
કુલ		**૦-૦૦-૦૦**

પત્રક-બ		
મોજે અમરસર, તા. વાંકાનેર, જિ. મોરબીના સ્વામિત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા બીનખેતીના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક		
ક્રમ નં.	**સર્વે નંબર**	**ક્ષેત્રફળ હે.આરે.ચોમી.**
૧	નીલ	
કુલ		**૦-૦૦-૦૦**

પત્રક-ક		
મોજે અમરસર, તા. વાંકાનેર, જિ. મોરબીના સ્વામિત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા સરકારી સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક		
ક્રમ નં.	**સર્વે નંબર**	**ક્ષેત્રફળ હે.આરે.ચોમી.**
૧	નીલ	
કુલ		**૦-૦૦-૦૦**

પત્રક-ડ		
મોજે અમરસર, તા. વાંકાનેર, જિ. મોરબીના સ્વામિત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા ગામતળના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક		
ક્રમ નં.	**સર્વે નંબર**	**ક્ષેત્રફળ હે.આરે.ચોમી.**
૧	ગામતળ	૨-૬૨-૦૪
કુલ		**૨-૬૨-૦૪**

તારીજ		
મોજે અમરસર, તા. વાંકાનેર, જિ. મોરબીના સ્વામિત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા ખેતી, બીનખેતી, સરકારી તથા ગામતળના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક		
ક્રમ નં.	**સર્વે નંબર**	**ક્ષેત્રફળ**
		હે.આરે.ચોમી.
૧	પત્રક-અ	૦-૦૦-૦૦
૨	પત્રક-બ	૦-૦૦-૦૦
૩	પત્રક-ક	૦-૦૦-૦૦
૪	પત્રક-ડ	૨-૬૨-૦૪
કુલ		**૨-૬૨-૦૪**

મોરબી, ૧૭ માહે ડિસેમ્બર, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ, તા. ૦૮-૦૯-૨૦૧૫.

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૩૨૦૨૧/૧૬૦૫/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨ તથા તા. ૧૦-૦૮-૨૦૨૨

(૩) ડી.ઈ.લે.રે.શ્રી, મોરબીના પત્ર નં. સ્વામિત્વ મોજણી/એલ.આર.સી.-૧૨૬/ગારીયા/૨૦૨૫, તા. ૧૦-૧૨-૨૦૨૫.

